અપીલ અરજી નં.૩૮૮ તા.૫–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વેદ પ્રકાશ તિવારી
સામાવાળાઃ–(૧) ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જા.મા.અ
(૨)ડે.કમિ.(પીએન્ડડી)અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ)
(૩) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી વેદ પ્રકાશ તિવારીની તા.૩૧–૧–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) અનમોલ કોમ્પ્લેક્ષ સરગમ શોપીંગ સેન્ટર પાસે, ફલાય ઓવરના ઈચ્છાનાથ છેડા પાસેના **BUC** સર્ટીફીકેટની ઝેરોક્ષ કોપી તથા તેના નંબર અને તારીખ મુદ્દા નં. (૨) અનમોલ કોમ્પ્લેક્ષના ગ્રાઉન્ડ ફલોર પર (૧)ફ્રોઝન એસેટસ (૨) રાઝબરીઝ (૩) ગોકુલ ડેરી (૪) જનતા આઈસક્રીમ (૫) સબ–વે (૬) જલારામ ખીચડી ના ફુડ લાયસન્સની નકલ આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૫–૩–૧૧ ની **SMC/FAP/** નં.૩૮૮/૨૦૧૦–૧૧.

શ્રી વેદ પ્રકાશ તિવારીની તા.૩૧–૧–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) અનમોલ કોમ્પ્લેક્ષ સરગમ શોપીંગ સેન્ટર પાસે, ફલાય ઓવરના ઈચ્છાનાથ છેડા પાસેના **BUC** સર્ટીફીકેટની ઝેરોક્ષ કોપી તથા તેના નંબર અને તારીખ મુદ્દા નં. (૨) અનમોલ કોમ્પ્લેક્ષના ગ્રાઉન્ડ ફલોર પર (૧)ફ્રોઝન એસેટસ (૨) રાઝબરીઝ (૩) ગોકુલ ડેરી (૪) જનતા આઈસક્રીમ (૫) સબ–વે (૬) જલારામ ખીચડી ના ફુડ લાયસન્સની નકલ આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૫–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૨૦ તા.૧૫–૩–૧૧ થી ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જા.મા.અ , કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)ને તથા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫૦૬ તા.૩૦–૩–૧૧ થી ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/ અઠવા/ આરટીઆઈ/ આ.નં.૧૪૪૭ તા.૨૫–૩–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, નોંધ વિભાગ, અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૨૮૫ તા.૭–૨–૧૧ થી મુદ્દા નં.૧ ની આંશિક માહિતી માટે શહેર વિકાસ અધિકારી મધયસ્થ શહેર વિકાસ વિભાગને તથા મુદ્દા નં.ર ની આંશિક માહિતી માટે આરોગ્ય અધિકારી, આરોગ્ય વિભાગને તબદીલ કરવામાં આવેલ પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) તરફથી પત્ર નં.જાવક/પીએચડી/ફુડ/ ૧૦૭૯ તા.૧૮–૩–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.જાવક/પીએચડી/ફુડ/૯૮૫ તા.૨૮–૨–૧૧ થી આપેલી માહિતી અંગેના પત્રની નકલ તથા રજીસ્ટર એડીના પુરાવાની નકલ રજૂ કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી અને ડે.કમિ.(પીએન્ડડી) શહેર વિકાસ તરફથી અત્રેના વિભાગને પત્ર નં.ટીડીઓ/ર તા.૧૫–૪–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/૧૨૮૫ તા.૭–૨–૧૧ થી જાહેર માહિતી અધિકારી શહેર વિકાસને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ટીડીઓ/ ૪૮૩૭ તા.૨૨–૨–૧૧ ના પત્રની નકલ, તથા તે પોસ્ટ કર્યા અંગેના પુરાવાની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૩૧–૧–૧૧ ની અરજીથી માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અઠવાઝોન ખાતે કરવામાં આવેલ. જે અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૨૮૫ તા.૭–૨–૧૧ થી મુદ્દા નં.૧ ની આંશિક માહિતી માટે શહેર વિકાસ અધિકારી મધયસ્થ શહેર વિકાસ વિભાગને તથા મુદ્દા નં.ર થી આંશિક માહિતી માટે આરોગ્ય અધિકારીને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને ઈ.ચા.ડે.કમિ (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જાવક/પીએચડી/ફુડ/૯૮૫ તા.૨૮–૨–૧૧ થી નિયત સમય અવધિમાં માહિતી આપવામાં આવેલ છે. જયારે મધ્યસ્થ શહેર વિકાસ તરફથી કોઈ વિગતો અરજદારને પૂરી પડાયેલ જણાતી નથી. જેના અનુસંધાને અરજદારે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા.૫–૩–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે અને માહિતીનો ઈન્કાર કર્યો છે તેવું જણાવી કસુરદાર સામે અપીલ અરજી કરેલ છે. અરજદારે અપીલમાં જણાવેલ જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારની અરજી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૨૮૫ તા.૭–૨–૧૧ થી અરજદારની જાણ હેઠળ જાહેર માહિતી અધિકારી આરોગ્ય અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ કરવામાં આવેલ છે.

અરજદારની અરજીના મુદ્દા નં. (૧) અનમોલ કોમ્પ્લેક્ષ સરગમ શોપીંગ સેન્ટર પાસે, ફલાય ઓવરના ઈચ્છાનાથ છેડા પાસેના **BUC** સર્ટીફીકેટની ઝેરોક્ષ કોપી તથા તેના નંબર અને તારીખ તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૪૮૩૭ તા.૨૨–૨–૧૧ થી ટીપી સ્કીમ નં.૫ (ઉમરા–નોર્થ) ફા.પ્લોટ નં.૧૪૦,૧૪૧ ,૧૪૨ "અનમોલ કોમ્પલેક્ષ" વાળી મિલ્કતના વપરાશ અંગે બીયુસી મેળવેલ ન હોઈ, માંગ્યા મુજબની ઝેરોક્ષ નકલ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તેવું જણાવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળની પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. મુદ્દા નં. (૨) અનમોલ કોમ્પ્લેક્ષના ગ્રાઉન્ડ ફલોર પર (૧)ફ્રોઝન એસેટસ (૨) રાઝબરીઝ (૩) ગોકુલ ડેરી (૪) જનતા આઈસક્રીમ (૫) સબ–વે (૬) જલારામ ખીચડી ના ફુડ લાયસન્સની નકલ આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે ઈ.ચા. ડે.કમિ.(હે અનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.પીએચડી/ ફુડ/ ૯૮૫ તા.૨૮–૨–૧૧ થી અનમોલ સરગમ શોપીંગ સેન્ટર પાસે, ફલાય ઓવરના ઈચ્છાનાથ છેડા પાસેના માં આવેલ નીચે જણાવેલ સંસ્થાઓને પી.એફ. એ. એકટ હેઠળનો પરવાનો આપવામાં આવેલ છે. (૧) ફ્રોઝન એસેટસ દુ.નં.એલ.જી.–૧૦, અનમોલ કોમ્પલેક્ષ, લાયસન્સ નં. PFA/SWZ/02/268 આપવામાં આવેલ છે. (૨) રાઝબરીઝ, દુ.નં.એલ.જી.–૦૭, અનમોલ કોમ્પલેક્ષ, લાયસન્સ નં. PFA/SWZ/02/281 તા. ૨૨–૭–૧૦ ના રોજ આપવામાં આવેલ છે. (૩) શ્રી ગોકુલ ડેરી દુ.નં.એલ.જી.–૧૪, અનમોલ કોમ્પલેક્ષ, લાયસન્સ નં. PFA/SWZ/02/340 તા.૧૧–૯–૦૯ ના રોજ આપવામાં આવેલ છે. (૪) જનતા આઈસ્ક્રીમ દુ.નં.એલ.જી.–૧૨, અનમોલ કોમ્પલેક્ષ , લાયસન્સ નં. PFA/SWZ/02/191 તા.૩–૬–૦૪ ના રોજ આપવામાં આવેલ છે. (૫) સબ–વે– અનમોલ કોમ્પલેક્ષ, લાયસન્સ આપવામાં આવેલ નથી. (૬) જલારામ ખીચડી સેન્ટર દુ.નં.એલ.જી.–૧૭,૧૮,૧૯ અનમોલ કોમ્પલેક્ષ , લાયસન્સ નં. PFA/SWZ/02/207 અ તા.૩–૫–૦૫ ના રોજ આપવામાં આવેલ છે. લાયસન્સ જે તે અરજદાર પાસે હોય તેની નકલ આપી શકાય તેમ નથી. તેવું જણાવેલ છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી આરોગ્ય ફુડ તરફથી માહિતી આપવામાં આવેલ છે તેથી તે અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૧–૧–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ અંગે ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડેલ છે. મુદ્દા નં.૨ અંગે પણ ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) કક્ષાએથી દફતરી વિગતો પૂરી પાડેલ છે પરંતુ અરજદારનો લાયસન્સની નકલોનો માહિતીનો આગ્રહ કલમ–૨(એફ) અને ૨(જે) સાથે સુસંગત નથી. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો ફુડ લાયસન્સના ઈસ્યુ રજીસ્ટરનો ઉપલબ્ધ વિગતોની દફતરી તપાસણી જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય દિન–૭ માં મેળવી લાગુ કિસ્સામાં કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળની ફી ભરભાઈ કરી તે પૈકીનો ઉતારો કે પ્રમાણિત નકલ મેળવવા સ્વતંત્ર છે. અરજદારની આવી માંગણી થયેથી દિન–૭ માં અત્રેની જાણ હેઠળ હુકમની અમલવારી કરવા ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી ફુડને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૧

પ્રતિ,

(૧) ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી ,ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી,( મધ્યસ્થ શહેર વિકાસ), કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) ....જાણ તથા અમલ માટે .

(૨) શ્રી વેદ પ્રકાશ તિવારી,